Vainaj

જોડાણ-૧

*ગ્રામ પંચાયત કક્ષાએ જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના અંગેના*

*ઠરાવનો નમૂનો*

**ગ્રામ પંચાયત કક્ષાએ જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના**

ઠરાવ નં. ૦૬ તા. ૨૨/૧૧/૨૦૨૩

ગ્રામ પંચાયતનું નામ વૈણજ તાલુકો ખંભાત જિલ્લો આણંદ

---

સરપંચ શ્રી અમૃતભાઈ ના અધ્યક્ષ સ્થાને અને પંચાયત સભ્યોની/બધા સભ્યો ની સંમતિથી દિનાંક ૨૨/૧૧/૨૩ના રોજ સવારે/બપોર પછી ૩:૦૦ વાગ્યે ગ્રામ પંચાયતની કચેરીમાં ગ્રામ પંચાયતની બેઠક મળી હતી અને બધા સભ્યોની સંમતિથી ત્રણ/પાંચ વર્ષની મુદત માટે જૈવિક વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૧(૧) અને જૈવિક વિવિધતા નિયમો, ૨૦૦૪ના નિયમ ૨૨ અને ગુજરાત જૈવિક વિવિધતા નિયમો ૨૦૧૦ ની જોગવાઇઓ અનુસાર જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના નીચે મુજબ કરવા ઠરાવવામાં આવે છે :

સમિતિના સભ્યોની વિગતો

| ક્રમ નં. | પુરૂં નામ અને સરનામું | ઉંમર | હોદ્દો | સહી |
|---|---|---|---|---|
| ૧. | શૈલેષભાઈ દાનાભાઈ પરમાર | ૨૬ | અધ્યક્ષ | [signature] |
| ૨. | ધાનીબેન કાંતિભાઈ આયાપંથી | ૪૫ | સ્ત્રી સભ્ય | ધાનીબેન કાંતિભાઈ |
| ૩. | લક્ષ્મીબેન દશરથભાઈ ચૌહાણ | ૨૭ | સ્ત્રી સભ્ય | એલ. ડી. ચૌહાણ |
| ૪. | અમૃતભાઈ ગોવિંદભાઈ આયાપંથી સરપંચ | ૫૫ | અનુ.જાતિ/અનુ.જન જાતિ સભ્ય | [signature] |
| ૫ | અશ્વિનભાઈ ભીખાભાઈ પ્રજાપતિ | ૩૫ | સભ્ય | [signature] |
| ૬. | દનાભાઈ શિવરામભાઈ પરમાર | ૩૫ | સભ્ય | [signature] |
| ૭. | અમરબેન જીવાભાઈ પરમાર | ૪૫ | મંત્રી | અમરબેન જીવાભાઈ પરમાર |

જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિ નીચેના કાર્યો માટે જવાબદાર રહેશે :

1. પોતાના કાર્યક્ષેત્રમાં આવેલ તમામ જૈવિક સંસાધનોના સંરક્ષણ અને સાતત્યપૂર્ણ ઉપયોગ
2. પોતાના કાર્યક્ષેત્રમાંથી જૈવિક સંસાધનોના ગેરકાયદે એકત્રીકરણ અટકાવવો.
3. જ્યારે જરૂર પડે ત્યારે વિવિધ વિષયો અંગે રાષ્ટ્રીય જૈવિક વિવિધતા સત્તા મંડળ, રાજ્ય અને ગુજરાત જૈવિક વિવિધતા બોર્ડને અભિપ્રાય આપવા.

૪. અધિનિયમની જોગવાઇઓ મુજબ પોતાના કાર્યક્ષેત્રમાં રહીને વાણિજ્યિક હેતુઓ માટે જૈવિક સંસાધનો એકત્ર કરવા માટે કર વસૂલાત માટેની ફી વસુલ કરવી.

૫. જૈવિક સંસાધનો ઉપયોગ કરતા સ્થાનિક વૈદ્યો અને ઉપયોગ કરનારાઓ અંગેની માહિતી નિભાવવી.

૬. પરંપરાગત જ્ઞાન તથા જૈવિક સંસાધનોનાં વપરાશ કરવા અંગે આપવામાં આવેલ પરવાનગી, લાગુ પાડવામાં (imposed) આવેલ એકત્રીકરણ ફી અને મેળવવામાં આવેલ લાભો તથા તેની વહેંચણીની પ્રક્રીયા અંગેની વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૭. જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિ જૈવિક વિવિધતા અને સંલગ્ન પરંપરાગત જાણકારીના દસ્તાવેજીકરણમાં પણ સંકળાયેલી રહેશે.

૮. રાષ્ટ્રીય જૈવિક વિવિધતા સત્તા મંડળ તથા ગુજરાત જૈવિક વિવિધતા બોર્ડ તરફથી વખતો વખત પુરી પાડેલ માર્ગદર્શક સૂચનાંઓ અનુસાર જૈવિક વિવિધતા ભંડોળનો ઉપયોગ તથા વ્યવસ્થાપન કરવાનું રહેશે.

સહી
ગ્રામ પંચાયતના સરપંચ
અને ગોળ સિક્કો

સરપંચ
વૈણજ નવાગામ ગ્રુપ ગ્રામ પંચાયત
મુ. વૈણજ, તા. ખંભાત, જિ. આણંદ

સહી
ગ્રામ પંચાયતનાં તલાટી કમ મંત્રી
અને સિક્કો

તલાટી કમ મંત્રી
વૈણજ ગ્રુપ ગ્રામ પંચાયત
તા.ખંભાત, જિ.આણંદ